# બાયસેગમાં સહકર્મીએ એટીએમ ચોરી રૂ. ૧૦ હજાર ઉપાડી લીધા

## પગારમાં પુરૂ થતું ન હતુ અને મોબાઈલના રૂપિયા ચૂકવવાના હતા : આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ઈન્ફોસીટી નજીક સ્થિત બાયસેગમાં નોકરી કરતા એક કર્મચારીનું એટીએમ ચોરીને તેના સહકર્મીએ જ રૂ. ૧૦ હજાર ઉપાડી લીધા..! તમામ બાબતથી અજાણ કર્મચારીએ પોલીસ ફરીયાદ નોંધાવતા ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી એટીએમના કેમેરા ચેક કરી આરોપીને એક જ દિવસમાં ઝડપી પાડ્યો હતો. ત્યારે બહાર આવ્યુ હતુ કે પગારમાં પુરૂ ન થતાં સહકર્મીએ જ એટીએમની ચોરી કરી હતી. આરોપીની ધરપકડ કરી પોલીસે ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ બાયસેગમાં નોકરી કરતો પોપટસિંહ જસવંતસિંહ રાઠોડના મોબાઈલ પર મેસેજ આવ્યો કે તેમની પત્નિના બેન્ક ખાતામાંથી રૂ. ૧૦ હજાર ઉપાડ્યા છે. તેમની પત્નિના ખાતામાં તેમનો મોબાઈલ નંબર રજીસ્ટર કર્યો હતો અને એટીએમ તે જ વાપરતા હતા. અચાનક આ મેસેજથી ચોંકી ગયેલા પોપટસિંહે પોતાના ખિસ્સા તપાસતા એટીએમ જ ગાયબ હતુ. આ અંગે તાત્કાલિક પોલીસ ફરીયાદ કરતા ઈન્ફોસીટી પોલીસ દોડતી થઈ હતી અને જે એટીએમ સેન્ટરનો મેસેજ હતો તેના સીસીટીવી કુટેજ ચેક કર્યા હતા. પોપટસિંહને કુટેજ બતાવતા ધ્યાને આવ્યુ કે રૂપિયા ઉપાડનાર તો તેમનો જ સહકર્મી અમિત રોહીત પારેખ હતો. જેને આધારે તે જ સમયે આરોપીની ધરપકડ કરી લેવાઈ હતી. પુછપરછમાં ધ્યાને આવ્યુ કે અમિતને પગારમાં પુરૂ થતુ ન હતુ અને તેણે ખરીદેલા મોબાઈલના રૂપિયા ચુકવવાના હતા. એટલે એટીએમ ચોરી કર્યુ હતુ. આ કાર્ડના કવરમાં કોડ નંબર પણ લખ્યો હોવાથી રૂપિયા ઉપાડવામાં સરળતા થઈ ગઈ હતી.

# શહેરમાં બે માર્ગ અકસ્માતોમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા

## ચ-માર્ગ પર ઈકો કારના ચાલકે સાયકલને ટક્કર મારતા સેક્ટર- ૧૨ના વૃદ્ધનું મૃત્યુ : પુન્દ્રાસણ-વાવોલ માર્ગ પર બાઈક રોડ નીચે ઉતરી જતા સેક્ટર- ૨૧ના પ્રૌઢનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં બે વિવિધ માર્ગ અકસ્માતોમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. ગઈ મોડી રાત્રે વતનથી આવતા પ્રૌઢ વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પર પહોંચ્યા ત્યારે સામેથી આવતા વાહનની લાઈટથી અંજાઈ જવાથી તેમનું બાઈક રોડ પરથી ઉતરી ગયુ હતુ અને તેમનું મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ આજે બપોરે ચ-માર્ગ પરથી પસાર થતા સાયકલ ચાલક વૃદ્ધને ઈકો કારના ચાલકે અડફેટે લઈ લેતા તેમનું પણ મૃત્યુ નિપજ્યું હતું. બંને બનાવ અંગે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

સે. ૨૧ ખાતે રહેતા ૫૧ વર્ષિય ઝાલમસિંહ સોલંકી ગઈકાલે મોડી રાત્રે તેમના વતન દેત્રોજ પાસેથી ઘર તરફ બાઈક લઈને આવી રહ્યા હતા ત્યારે પુદ્રાસણ-વાવોલ માર્ગ પર સામેથી આવતા વાહનથી આંખો અંજાઈ જતાં તેમનું બાઈક રોડ પરથી ઉતરી ગયુ હતુ અને રસ્તાની બાજુમાં પટકાયા હતા. ગંભીર રીતે ઘવાયેલા ઝાલમસિંહનું આ અકસ્માતમાં મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ આજે ચ-માર્ગ પર બીએસએનએલ ઓફીસ સામેથી પસાર થતા સે. ૧૨ જ-ટાઈપ બ્લોક નં. ૮૮/૩ ખાતે રહેતા ૫૮ વર્ષિય હરિભાઈ મુળજીભાઈ સોનારાની સાયકલને ઈકો ગાડી નં. જીજે-૨-બીડી-૪૦૪૨ના ચાલક યોગેશ પ્રકાશચંદ્ર સુખડીયા (રહે. સે. ૨-બી, બ્લોટ નં. ૩૧૦/૨) એ અડફેટે લઈ લેતા હરિભાઈ ગંભીર રીતે ઘવાયા હતા. તેમનું પણ હોસ્પિટલમાં કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. સે. ૭ પોલીસમથકના પીએસઆઈ વી.યુ. ગાડરીયાએ બંને ગુના દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# સોલા બીઆરટીએસ રોડના કારણે સ્થાનિક વસાહતીઓ મુશ્કેલીમાં

ગાંધીનગર, તા. ૧૬

સોલા બીઆરટીએસ રૂટના કારણે આસપાસ રહેતા વસાહતીઓ ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. સાંકડા રોડ પર બીઆરટીએસનો રૂટ બનાવી દેવાતા વસાહતીઓમાં ભારે આક્રોશ છે. આ બાબતે સરકારમાં રજુઆત કરવા તથા આગામી કાર્યક્રમો ઘડી કાઢવા માટે વસાહતીઓની બેઠકનું આયોજન આગામી તા. ૧૮મી મે ના રોજ રાત્રે ૯ વાગે આકાશગંગા એપાર્ટમેન્ટ, સોલા રોડ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યુ છે.

સોલા હાઉસિંગ નારણપુરા તથા સોલારોડ ઉપર અવરજવર કરતી જનતામાં આક્રોશ છે કે સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રમાં આમ જનતાની રાય અને પરવાનગી લીધા વગર જ ફક્ત ભ્રષ્ટાચાર ક્યાં કરવા મળે છે તે હેતુને ધ્યાનમાં રાખી સાંકડા રોડ ઉપર બી.આર.ટી.એસ. રૂટને અંજામ આપી આમ જનતાની સુરક્ષાને જોખમમાં મુકી દીધી છે. આમ જનતાની કોઈપણ જાતની સુરક્ષાની પરવા કર્યા વગર જ એ.ઈ.સી. ચાર (સોલા ક્રોસ રોડ) રસ્તાથી સોલા હાઈવે સુધી બી.આર.ટી.એસ. પથ બનાવી દીધો છે. જેમાં જનમાર્ગના નામે આ રોડ ઉપર અત્યારે કોઈ જન ચાલી શકે તેમ નથી કે સલામત રીતે વાહન ચલાવી શકે તેમ નથી અને હવે આ રોડ અકસ્માત રોડ બની ગયેલ છે એટલે કે જનમાર્ગ જાણે જનમોત માર્ગ બની ગયેલ છે. અને આ માર્ગને સાંકડો બનાવી પ્રજાજનો માટે ત્રાગિમામ બનાવી દીધો છે. આજુબાજુની સમગ્ર જનતાના આક્રોશને વાચા આપી આ બી.આર.ટી.એસ.ના કારણે સાંકડા બનેલા રોડનો વિકલ્પ શોધવા માટે તથા આગામી દિવસોમાં જન આંદોલનનો કાર્યક્રમ કરવા માટે રહીશોના આગેવાનો, પ્રમુખો, હોદ્દેદારો તથા જાહેરજીવનના કાર્યકર્તાઓ તથા જન સમૂહના પ્રતિનિધિઓની એક મિટીંગ રાખવામાં આવી છે અને જેમાં આ મુશ્કેલીને વાચા આપવા આગામી કાર્યક્રમની રૂપરેખા ઘડી કાઢવામાં આવશે.

# લવારપુર ચોકડી પાસેથી બિયર ભરેલી સ્વિફ્ટ ગાડી ઝડપાઈ

## ડભોડા પોલીસે પીછો કરતાં ઝાડ સાથે કાર ટકરાઈ : એક વોન્ટેડ એકની ધરપકડ : ૪.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત





ગાંધીનગર, તા.૧૬

ડભોડા પોલીસે આજે વહેલી સવારે બાતમીને આધારે બિયર ભરેલી ગાડી પકડવા વોચ પર હતા ત્યારે પોલીસને જોઈને બાતમી વાળી નિકળેલી સ્વિફ્ટ ગાડીના ચાલકે બેફામ ચલાવતા લવારપુર ચોકડી પાસે એક ઝાડને ટકરાઈ ગઈ હતી. પોલીસે ગાડીમાંથી ૨૧૮ બિયર કબ્જે લઈ રૂ. ૪.૨૮ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી લધી હતી જયારે એક હજુ ફરાર છે.

ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીને બાતમી મળી હતી કે બિયરનો જથ્થો ભરેલી સ્વિફ્ટ ગાડી નં. જીજે ૨૭-એ.એ. ૪૫૮૫ પસાર થવાની છે જેને આધારે ટીમ આજે વહેલી સવારે વોચ પર બેસી ગઈ હતી. બાતમી વાળી નીકળેલી કારે પોલીસને જોતા સ્પીડ વધારી દીધી હતી. અને લવારપુર ચોકડી પાસે ઝાડમાં ગાડી ઘુસી ગઈ હતી. ડભોડા પોલીસે ૨૧૮ બિયર, કાર તથા બે મોબાઈલ મળી કુલ રૂ. ૪,૨૮,૮૦૦ના મુદ્દામાલ સાથે અમદાવાદના બુટલેગર મોહમ્મદ શકીલ સંધીની ધરપકડ કરી લીધી છે. જયારે યુનસ હનીફ હજુ વોન્ટેડ છે. ડભોડા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

# ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજરોજ જિલ્લા પ્રભારી સચિવ શ્રી એમ.એસ.ડાગુરના અધ્યક્ષ સ્થાને મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે એકાદ વરસાદ થયા બાદ જ રોપાઓનું વિતરણ અને વાવેતર કરવા જણાવ્યું હતું. તેમજ દરેક ગામમાં ખેડૂતો કયા કયા રોપાઓનું વાવેતર કરવા માંગે છે, તેની જાણકારી મેળવી રોપાઓનું વિતરણ કરવાનું સુચારું આયોજન કરવા પણ કહ્યું હતું. સાથે જ ફળાઉ છોડ વૃક્ષોનું વાવેતર કરવા માંગે છે, તો તેની સંખ્યા નક્કી કરી આયોજન કરવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

બેઠકમાં ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી રાકેશભાઈ વ્યાસે હાલમાં ચાલી રહેલ મતદાર યાદી શુધ્ધિકરણ કાર્યક્રમ અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે જ અધિકારીઓ અને કર્મચારીઓ આ બાબતે બીજાઓને પણ માહિતી આપી કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપે તે માટે અનુરોધ કર્યો હતો.

સંકલન સમિતિની બેઠકમાં પડતર તુમારોના નિકાલ અંગે, પગાર નિયત કરવા અંગે, પેન્શન કેસો બાબત, સીનીયોરીટી બાબત, ખાનગી અહેવાલ બાબત, અધિકારીકર્મચારીઓને કોમ્પ્યુટર તાલીમ આપવા બાબત, નીચલી કચેરીનું નિરીક્ષણ કરવા બાબત, નાગરીક અધિકાર પત્ર અંગેની માહિતી બાબત, તકેદારી આયોગના કેસોની, એ.જી. પેરાની પૂર્તતા અંગે અને સરકારી બાકી લેણા વસુલાત અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જિલ્લાના સંબંધિત અધિકારીશ્રીઓને લોકોને સ્પર્શતા મહત્વના પ્રશ્નો પરત્વે સત્વરે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

ફરિયાદ સમિતીની બેઠકમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, દહેગામના ધારાસભ્ય શ્રી કામિનીબા રાઠોડ, કલોલના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર દ્વારા સ્વચ્છતા, પાણીની પાઈપલાઈ માંથી થતી પાણીની ચોરી, કંપની ફેકટરીને અપાતા પાણીની, પીવાના પાણીમાં ફ્લોરાઈડની માત્રા અંગેના, મફત અને ફરજિયાત શિક્ષણના કાયદા અંતર્ગત જિલ્લાની ખાનગી શાળાઓમાં અપાયેલ પ્રવેશ અને ખાલી બઠેકો, જમીન સંબંધિત જેવા પ્રજાહિતલક્ષી વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી.

# સરઢવમાં ખુલ્લેઆમ જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૬

સરઢવ ગામમાં પાણીની ટાંકી નજીક ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડી છ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સરઢના વિષ્ણુ ચતુર ઠાકોર, શંકર લાલગીરી ગોસ્વામી, કલોલના જીનેશ રામસંગ ડામોર, કડી તાલુકાના મુસ્તાખ ગની મનસુરી, આરીફ મહમ્મદ મનસુરી અને અમદાવાદના મહેબુબ અબ્દુલ માંડલી મળીને છ શખ્સોની રોકડ સહિત રૂ. ૮૪૬૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે રાજપૂત સમાજની પરિવાદ દર્શન પુસ્તિકાનું વિમોચન

## આ સાથે દિકરા-દિકરીઓની પસંદગી પુસ્તિકાનું પણ વિમોચન કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના રાજપૂત સમાજ દ્વારા તા. ૧૭મી મે રવિવારના રોજ શહેરમાં વસતા રાજપૂત પરિવારોની કૌટુંબિક માહિતી દર્શાવતી 'રાજપૂત પરિવાર-૨૦૧૫' તથા 'દિકરા-દિકરીઓની પસંદગી પુસ્તિકા-૨૦૧૫'નુ વિમોચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ રાત્રે ૮.૦૦ કલાકે સે. ૧૭માં ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના અધ્યક્ષપદે યોજાશે.

આ કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા સાહિત્યકાર અશ્વિનભાઈ જોષીનું 'મા-બાપને ભુલશો નહી' વ્યાખ્યાન પણ યોજાશે. કાર્યક્રમમાં સે. ૨ ના સ્વામીનારાયણ મંદિરના સંત વી.વી. સ્વામી, કોંગ્રેસ પક્ષના વિધાનસભાના દંડક બળવંતસિંહ રાજપૂત અને ગાંધીનગરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે.

# ચિલોડા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ.નું બિમારીથી અવસાન

ચિલોડા, તા.૧૬

ગાંધીનગર તાલુકાના છાલા ગામના વતની રમેશભાઈ ગલબાભાઈ પટેલનું (ઉ.વ. ૫૩) બિમારીના કારણે તા. ૧૫-૫-૨૦૧૫ના શુક્રવારના રોજ દુ:ખદ



અવસાન થયું છે. શ્રી રમેશભાઈ પટેલ વર્ષ ૨૦૧૨થી ચિલોડા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતાં હતાં. તેમના અવસાન થતાં ચિલોડા પોલીસ સ્ટેશનના તથા પરિવારજનોમાં ભારે આઘાત અને શોક વ્યાપી જવા પામ્યો હતો. તેમના પરિવારમાં એક પુત્રી અને પુત્રને કુટુંબીજનોને આઘાત સહન કરવાની પ્રભુ શકિત આપે તેવી પ્રભુ પ્રાર્થના.

# જુની કલમ-૫૧ હેઠળ આપેલી પરવાનગીઓની અમલવારી વકફ બોર્ડ કરશે

ગાંધીનગર, તા. ૧૬

વકફ અધિનિયમ, ૧૯૯૫ની કલમ-૫૧માં તા. ૧-૧૧-૨૦૧૩થી સુધારા થયા છે તે મુજબ કોઈપણ વકફ મિલકતો હવે વેચાણ, બક્ષીસ કે કોઈપણ પ્રકારની અદલા-બદલી કે કોઈ પણ રીતે તબદિલ થઈ શકતી નથી, તેની સ્પષ્ટ નોંધ લેવા સર્વે વકફ સંસ્થાઓને અત્રેથી વારંવાર સૂચના આપવામાં આવેલ છે. વકફ અધિનિયમ તા. ૧-૧-૧૯૯૬થી અમલમાં આવેલ અને તા. ૨-૧૨-૧૯૯૬થી ગુજરાત રાજ્ય વકફ બોર્ડની રચના થતાં તેની અમલવારી અત્રેની કચેરી દ્વારા શરૂ કરવામાં આવેલ હતી. આ અગાઉ આ કામગીરી ચેરીટી કમિશનરશ્રીની કચેરી મારફતે કરવામાં આવતી હતી. ઉક્ત કાયદા મુજબ બોર્ડની મંજૂરીથી કલમ-૫૧ મુજબ વકફ મિલકતોની તબદિલી, વેચાણ, બક્ષીસ વિગેરે વકફનાં હિતમાં મંજૂરી મેળવીને કરી શકાતા હતા. પરંતુ ૧લી નવેમ્બર, ૨૦૧૩ થી હવે વકફ (સુધારા) અધિનિયમ, ૨૦૧૩ અમલમાં આવતા કલમ-૫૧ મુજબ હવેથી કોઈપણ વકફ મિલકતો બક્ષીસ, વેચાણ કે અન્ય કોઈ રીતે તબદિલ કરી શકાતી નથી અને તેને ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી આપવામાં આવતી નથી તેની સર્વે સંબંધિતોએ નોંધ લેવી.

તા. ૧-૧૧-૨૦૧૩ પહેલાં આવેલ અરજીઓ કે જેમાં વહીવટી પ્રકીયા ચાલુ હતી તેવી કલમ-૫૧ હેઠળની અરજીઓ પર વકફ અધિનિયમ, ૧૯૯૫ની કલમ-૫૧ની જોગવાઈઓને ધ્યાને લઈને તેમજ વકફ અધિનિયમ, ૧૯૯૫ની કલમ-૧૧૨ મુજબ રીપીલની જોગવાઈઓ તેમજ જનરલ ક્લોસીસ એક્ટ, ૧૯૯૭ની કલમ-૬ની જોગવાઈઓ જુના કાયદા/કલમની જોગવાઈઓને રીપીલ કરતી હોવાથી તેમજ આ સંબંધે હાઈકોર્ટના કેસ અંબાલાલ સારાભાઈ વિ. મેસર્સ અમૃતલાલ એન્ડ કંપનીના કેસમાં આવેલ ચૂકાદાને વંચાણે લઈને વકફ બોર્ડ દ્વારા જુની કલમ-૫૧ હેઠળ જે તે કિસ્સામાં ગુણદોષને આધારે પરવાનગીઓ આપેલ છે. જેની અમલવારી બોર્ડના અધિકારીઓ અને સંસ્થાઓએ કરવાની રહે છે.

# ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળ ગાંધીનગરને પુનઃ કાર્યરત કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળને પુનઃ કાર્યરત કરવા વર્તમાન કર્મચારીઓને અનુરોધ કરવામાં આવ્યો છે. ગુજરાત ઉત્કર્ષ મંચની એક અખબારી યાદીમાં જણાવાયુ છે કે, ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળ હાલમાં મૃતપાય અવસ્થામાં છે તેને પુર્નજીવિત કરીને હાલમાં નોકરીમાં હોય તેવા કર્મચારીઓને સોંપીને બાબા સાહેબ આંબેડકરના રથને આગળ ધપાવવા માટે સક્રિય આગેવાનોનું સમર્થન મેળવી શકાય તે માટે જે આગેવાનો સમર્થન આપવા સંમત હોય તેમણે ઉત્કર્ષ મંચના પ્રમુખ શ્રી રહિમ મકવાણાને તેમજ ઉપપ્રમુખ શ્રી ગીરીષભાઈ યાદવનો મોબાઈલ નં. ૯૪૨૯૦૨૮૪૮૪ તથા ૯૪૨૭૬૩૨૪૬૩ પર સંપર્ક કરી શકાશે.

ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળને પુનઃ જિવિત કરીને સરકારી નોકરીઓમાં બેગલોગ ભરવા પ્રયત્ન થશે. ઉપરાંત રોસ્ટર એક્ટ અમલમાં લાવવા દિલ્હીમાં દલિત-આદિવાસી મંત્રીઓનો સંપર્ક કરાવવાનો ધ્યેય છે. ઉપરાંત સીધી ભરતી, સેવામાં તેમજ મેડીકલ એન્જીનીયરીંગમાં મેરીટમાં આવતા અનામતના ઉમેદવારોને મેરીટ લીસ્ટમાં રાખવા અનો અનામતના ક્વોટામાં નહિ ગણવા અંગેના ગુજરાત હાઈકોર્ટના અનેક ચુકાદાઓ આપ્યા છે. તેનો સખ્તાઈથી અમલ કરવા રાજ્ય સરકારને જરૂરી હૂકમો બહાર પાડવા વિનંતી કરવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૧૧

## તાપમાન

મહત્તમ : ૪૩.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

**સવારે ૫૪ ટકા ● સાંજે ૧૩ ટકા**

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મિથુન** : સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનુ આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- સ્વ. દિવાળીબેન સુંદરજીભાઈ ગોહિલ (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૧૨૯૩/૧, સેકટર-૭ડી, ગાંધીનગર
- સ્વ. વિમલાબેન હરજીવનભાઈ અબાસણા (ઉ.વ.૮૪) પ્લોટ નં. ૧૩૦૬/૧, સેકટર-૩બી, ગાંધીનગર